ક્રમાંક:પ્રાશિનિ/ક-નીતિ/૨૦૧૯/૭૮૧૪-૬૬
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં-૧૨/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર. તા.૩૦/૧૧/૨૦૧૯

પ્રતિ,
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

વિષય:- LPA NO. 560 to 565/2019 in SCA No. 18543/2016.
સંદર્ભ:- શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંક:પીઆરઈ/૧૧૨૦૧૭/૯૬૭/ક તા.૧૪/૧૦/૨૦૧૯

ઉપર્યુક્ત વિષય પરત્વે જણાવવાનુ કે, SCA No.18543/2016 ના કેસમાં નામ.હાઈકોર્ટના તા.૩૧/૦૧/૨૦૧૭ ના ચુકાદા મુજબ ડૉ. બાબાસાહેબ આંબેડકર યુનિવર્સીટીના કુલ ગુણ ૨૦૦, કુલ ૪૦૦ કે કુલ ૪૫૦ ગુણનુ પરિણામ માન્ય ગણી ઉ.પ.ધો. નો લાભ આપવા આખરી આદેશ કરેલ હતો. આ આદેશ સામે નામ.હાઈકોર્ટના રાજ્ય સરકાર વતી LPA NO. 560 to 565/2019 દાખલ કરવામાં આવેલ હતી. જેમાં નામ.હાઈકોર્ટના તા.૦૮/03/૨૦૧૯ ના ચુકાદાથી LPA ડીસમીસ કરી તા.૩૧/૦૧/૨૦૧૭ ના ચુકાદા મુજબ કાર્યવાહી કરવા જણાવેલ છે. જેના અનુસંધાને આ કચેરી દ્વારા શિક્ષણ વિભાગમાં LPA નો આખરી ચુકાદો સ્વીકારવો કે કેમ ? તે બાબતે દરખાસ્ત રજૂ કરેલ હતી. શિક્ષણ વિભાગના સંદર્ભદર્શિત પત્રથી LPA NO. 560 to 565/2019 ના તા.૦૮/03/૨૦૧૯ ના ચુકાદાને સ્વીકારવાનો સરકારશ્રીએ નિર્ણય કરેલ છે. શિક્ષણ વિભાગના ઉક્ત પત્ર અન્વયે SCA No. 18543/2016 તથા અન્ય સંલગ્ન મેટરોના સંદર્ભમાં નામ.ગુજરાત હાઈકોર્ટના તા.૩૧/૦૧/૨૦૧૭ ના ચુકાદા અન્વયે આ સાથે સામેલ શિક્ષણ વિભાગના પત્રમાં આપેલ સુચના મુજબ કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

(એમ. કે. રાવલ)
નાયબ શિક્ષણ નિયામક
ગુ.રા.ગાંધીનગર

બિડાણ:- ઉપર મુજબ

E:\Parul Ofc Work\Letter.docx

Scanned by CamScanner

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
સચિવાલય, બ્લોક નં. ૫, આઠમો માળ,
ગાંધીનગર – ૩૮૨૦૧૦
ફોન નં. ૦૭૯-૨૩૨૫૧૩૪૩, ફેક્ષ નં. ૦૭૯-૨૩૨૫૧૩૨૫
Email ID: sok51343@gmail.com

પત્ર ક્રમાંકઃ પીઆરઇ/૧૧૨૦૧૭/૯૬૭/ક,
તારીખઃ ૧૪/૧૦/૨૦૧૯

પ્રતિ,
નિયામકશ્રી,
પ્રાથમિક શિક્ષણની કચેરી,
ડૉ. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં. ૧૨,
ગાંધીનગર

વિષયઃ એલ.પી.એ નં ૫૬૦ થી ૫૬૫/૨૦૧૯

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય પરત્વે આપની કચેરીના તા. ૨૭/૦૮/૨૦૧૯ના પત્રન અનુસંધાને જણાવવાનુ કે નામ. હાઇકોર્ટ દ્વારા એલ.પી.એ નં ૫૬૦ થી ૫૬૫/૨૦૧૯ના તા. ૦૮/૦૩/૨૦૧૯ના ચુકાદો સ્વીકારવાનો સરકારશ્રી કક્ષાએ નિર્ણય લેવામા આવેલ છે.

૨. ઉક્ત ચુકાદો સ્વીકારવાના કારણે આ કેસના પીટીશનર્સને ચુકાદામાં દર્શાવેલ સિવાયના અન્ય લાભો મંજુર કરવાના થાય તો તે બાબતે સ્પષ્ટ કારણો અને જોગવાઇ/સંદર્ભો દર્શાવીને દરખાસ્ત કરીને નાણાવિભાગની મંજુરી લેવા આથી જણાવવામાં આવે છે.

૩. ઉક્ત ચુકાદાને અનુલક્ષીને નીતિ વિષયક નિર્ણય સામાન્ય વહીવટ વિભાગ દ્વારા લેવાનો થતો હોઇ, અન્ય સમાન કિસ્સાઓમાં સામાન્ય વહીવટ વિભાગના ઉક્ત બાબત અંગે કોઇ સ્પષ્ટ નિર્ણય જાહેર થાય ત્યારપછી જ કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

આપનો વિશ્વાસુ,

રવાના કર્યું.
તા. ૧૫/૧૦/૧૯
સહી

(સુબોધ જોષી)
ઉપસચિવ,
શિક્ષણ વિભાગ

Scanned by CamScanner